જા.ન/પ્રાથમિક/RTE/૨૦૨૧/ - ૧૦૧૨૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૭/૦૭/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગર પાલિકા વિસ્તારની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ

વિષય:- RTE અંતર્ગત વર્ષ-૨૦૨૧-૨૨ માટે પ્રથમ રાઉન્ડનાં પ્રવેશ ફાળવણી બાબત.
સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ખપશ/૧૧૨૦૨૦/સિ.ફા..૦૬/ચ તા.૦૪/૦૮/૨૦૨૦
૨. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણનિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનાં પત્રાંક:પ્રા.શિ.નિ/RTE/૨૦૨૧/૬૯૫-૭૩૭ તા.૧૯/૦૬/૨૦૨૧

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, RTE અંતર્ગત મફત પ્રવેશ વર્ષ:-૨૦૨૧-૨૨ માટે પ્રથમ રાઉન્ડમાં કાયમી પ્રવેશ ફાળવણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા સંભવતઃ તા.૨૭/૦૭/૨૦૨૧ નાં રોજ ઓનલાઈન ફાળવવામાં આવનાર છે. જે શાળામાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવે તેવી શાળાઓએ મફત પ્રવેશ અંગેની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. ઓનલાઈન ફાળવેલ પ્રવેશની પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે નીચે મુજબની કેટલી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવે છે. જેની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

- જે બાળકોને ઓનલાઈન પ્રવેશ મળશે તેની જાણ વાલીઓને SMS થી થશે. વાલીઓ એપ્લીકેશન નંબર તથા બાળકની જન્મ તારીખ દ્વારા http://rte.orpgujarat.com વેબસાઇટ ઉપરથી પ્રવેશપત્ર (ADMIT CARD)ની પ્રિન્ટ મેળવી જરૂરી અસલ આધારો સાથે સમયમર્યાદામાં ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
- સબંધિત શાળાએ વિદ્યાર્થી/વાલી પ્રવેશપત્ર ADMIT CARD લઈને આવે ત્યારે પોતાના લોગઈનમાં જઈ શાળામાં ફાળવેલ બાળકના નામ સામે ક્લિક કરી ભરેલ માહિતી સાથે અસલ આધારોની ચકાસણી કરી ADMIT બટન પર ક્લિક કરી રીસીપ્ટ બટન પર ક્લિક કરવું. જેથી એડમીશન પૂર્ણ થયા બાદ સંસ્થા વાલી માટે રીસીપ્ટ જનરેટ થશે તેની પ્રિન્ટ લઇ વાલીને અચૂક આપવાની રહેશે.
- ADMIT બટન પર ક્લિક નહિ કરી હોય તો તે જગ્યા ખાલી છે તેમ સમજી અન્ય રાઉન્ડમાં એ જ જગ્યા માટે અન્યને ફરીથી પ્રવેશ ફાળવી દેવામાં આવશે એટલે એક સીટ ઉપર બે પ્રવેશ થશે. જો આ રીતે ૨૫% થી વધારે પ્રવેશ થશે તેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.
- સબંધિત શાળાઓએ શાળામાં જવાબદાર વ્યક્તિને આ કામગીરી સુપ્રત કરી શાળા સમય દરમ્યાન શાળા તથા પ્રવેશ શરુ રાખવાનાં રહેશે. દરેક શાળાએ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ લેવા આવનાર વિદ્યાર્થી/વાલી જોઈ શકે તે રીતે નોટીસ બોર્ડ પર શાળાનો સમય, પ્રવેશની કામગીરી સંભાળતા કર્મચારીનું નામ મુકવા.
- શાળાએ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવા અને શંકા જણાય તો તાત્કાલિક જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો સંપર્ક કરવો. જો કોઈ સંજોગોમાં વાલી શાળામાં પ્રવેશ માટે આવ્યા ન હોય તો શાળા લોગઇનની યાદીમાંથી વાલીનો સંપર્ક નંબર મેળવી સમયમર્યાદામાં પ્રવેશ મળી રહે તે માટે સહાયભૂત થવું.
- સંદર્ભદર્શિત-૧નાં ઠરાવની જોગવાઈઓ અને અન્ય નિયમોનું પાલન કરવાનું રહેશે.

આમ, આપની શાળામાં પ્રવેશ માટે વિદ્યાર્થી અને વાલી આવે ત્યારે તેમને સંપૂર્ણ સાથ સહકાર આપવાનો રહેશે અને વિના વિલંબે પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે. RTE હેઠળ ફાળવેલ વિદ્યાર્થી કે તેમના વાલી પાસેથી કોઈ પણ પ્રકારની ફી વસુલ કરવાની નથી. RTE હેઠળ પ્રવેશની જોગવાઈ તમામ શાળાઓને (લઘુમતી શાળાઓ સિવાય) લાગુ પડતી હોવાથી પ્રવેશ માટે કોઈ પણ શાળા ના પાડી શકશે નહિ. જેની નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત